JAIN KRANTI
જૈન ક્રાંતિ
Vol. 16 | Issue 4 | Mumbai | August - 2025| Price Rs. 5/- | Pages : 28

ક્ષમાપનાનો ઉત્સવ કે સમર્પણનો મહોત્સવ?

ઉપકારભાવની અનુભૂતિને ઉત્કૃષ્ટ બનાવવા, રાષ્ટ્રસંત પરમ ગુરુદેવે 2024ના ચાતુર્માસમાં, પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ - ક્ષમાપના ઉત્સવને, સમર્પણનો મહોત્સવ બનાવવા, આત્મ સ્પર્શી theme તૂ હૈ તો પર પ્રવચનની અમૃતધારા વહાવી હતી.

એ અમૃતધારાની સ્મૃતિને સજીવન કરવા, જૈન-ક્રાંતિના આ અંકમાં તેને અક્ષરાંકિત કરવામાં આવી છે.

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ

ક્ષમાપના દ્વારા 'સ્વ' ની શુદ્ધિ થાય અને સમર્પણ દ્વારા હૃદયના ઉત્કૃષ્ટ અહોભાવ સાથે ઉપકારીઓના ઉપકારનું વેદન થાય.

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ

પર્વ એ હોય, જેના પધારવા પર આપણી પ્રસન્નતા વધે !

પર્વાધિરાજ પર્યુષણ એ મહાપર્વ છે, જે આપણા આત્માને શુદ્ધ કરે છે અને એ શુદ્ધિની પ્રસન્નતાને શાશ્વત બનાવી શકે છે.

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ હોય છે, સ્વયંના self assessment માટે !

Check કરો, સ્વયંને...

Last પર્યુષણથી આ પર્યુષણ સુધીમાં, મારી આત્મ પ્રસન્નતામાં કેટલી વૃદ્ધિ થઈ છે ?

તમે કદાચ કહેશો, ગુરુદેવ ! અમે દર પર્યુષણમાં 10-10% સુધરવાનો પુરુષાર્થ કરીશું અને 11માં પર્યુષણમાં 100% સુધરી જઈશું ના !

અમારી વિચારધારા છે,

આ પર્યુષણને lifeનું last પર્યુષણ માની, આ એક જ પર્યુષણમાં 100% સુધરવાનો પુરુષાર્થ કરવો જોઈએ.

મોટા ભાગના ભાવિકોની માન્યતા હોય કે, પર્યુષણમાં સાધના, આરાધના, તપસ્યા કરીએ, દરરોજ પ્રવચન સાંભળીએ અને પ્રતિક્રમણ કરીએ, એટલે પર્યુષણ સરસ જાય.

પર્યુષણ 'સરસ' જવા જોઈએ કે પર્યુષણથી આપણે 'સરસ' થવા જોઈએ ?

પર્યુષણથી 'શુદ્ધ' અને 'સરસ' થવા માટે,

પર્યુષણના આઠ દિવસ સંસારની પ્રવૃત્તિઓથી cut off થઈ, ગુરુના પ્રત્યક્ષ સાંનિધ્યમાં, ગુરુની શુભ aura અને શુભ vibrationsમાં રહી, મૌન ભાવે, સમજ સાથે, અત્યંત અહોભાવ અને આત્મશુદ્ધિના લક્ષ્ય સાથે, પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વમાં સમ્યક્ સાધના કરવી જોઈએ, શુદ્ધિની પ્રસન્નતાને અનુભવવી જોઈએ.

JAIN KRANTI
जैन क्रांति
5th August 2025, YEAR: 24, ISSUE - 293

PAGES : 24 + 4 • RETAIL PRICE : ₹ 5

तू है तो... पर्युषण पर्व है,
तू है तो... पर्युषण आत्म पुरुषार्थ है।

હે પ્રભુ ! તું છે તો તારું **જ્ઞાન છે**, તારા **સિદ્ધાંતો છે**,
તારો **ધર્મ છે** અને **આત્મશુદ્ધિનું પર્વ, પર્યુષણ છે.**

હે પ્રભુ ! તારો **મહા ઉપકાર છે,**
પ્રભુ, તે મારો **આત્મા** કર્મોના ભારથી અને દોષોથી **મુક્ત** થાય,
એવું શ્રેષ્ઠ **પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ** આપ્યું છે.

હે ગુરુભગવંત ! તું છે તો...
તારી અનંતી કરુણાથી મને **પ્રભુની પહેચાન થઈ છે.**
તું છે તો... **પ્રભુના ધર્મ** અને **સિદ્ધાંતોની સમજ** પ્રાપ્ત થઈ છે,
અને તું છે તો... તારી **આજ્ઞા** અને **આદેશથી**
આત્માને શુદ્ધ કરવાનો પરમ પુરુષાર્થ થાય છે !

: PUBLISHER :
SHREE DEEPAKBHAI BHAYANI

: CONTACT :
PARASDHAM
VALLABH BAUG LANE, TILAK ROAD
GHATKOPAR (E) MUMBAI - 400077
PH: +91-9987380222

: EMAIL :
connect@parasdham.org
website: www.parasdham.org

: JOIN US ON :
www.facebook.com/ParasdhamIndia
www.youtube.com/ParasdhamTV

Printed, Published, Edited and Owned by
DEEPAK K. BHAYANI

: SUBSCRIPTION :

LIFE TIME (WITHIN INDIA)	:	₹ 2500
FOR 2 YRS. (WITHIN INDIA)	:	₹ 500
LIFETIME (INTERNATIONAL)	:	₹ 20000
FOR 1 YR. (INTERNATIONAL)	:	₹ 2500

આપશ્રીને 'જૈન ક્રાંતિ'ને અનુદાન આપવું હોય તો સંપર્ક : +91-9324808181

TO KNOW MORE ABOUT RASHTRASANT PARAM GURUDEV CONTACT ON: +91-9860905678

तू है तो



धर्म प्रेम है

- પરમ ગુરુદેવ

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ એટલે પ્રભુને યાદ કરી, પ્રભુએ બતાવેલા ધર્મને પ્રેમ કરવાનો આધ્યાત્મિક અવસર !

પ્રભુ ! તું છે તો, મારા જીવનમાં ધર્મ છે અને મારા હૃદયમાં ધર્મ પ્રેમ છે.

જીવનની આ યાત્રામાં જો પ્રભુ સાથે હોય તો જીવનની દરેક ક્ષણ તરવાની ક્ષણ હોય છે અને દરેક ક્ષણ તારનારી ક્ષણ હોય છે. પ્રભુ જો સદાય સ્મૃતિમાં અને સ્મરણમાં હોય, તો પ્રભુના ધર્મ પ્રત્યેનો પ્રેમ પણ હૃદયમાં જીવંત રહે છે. પ્રભુ જો સાથે હોય તો આપણને આપણી ભૂલ જોતા આવડે છે, નહીં તો આપણને આખા જગતની ભૂલ દેખાતી હોય છે.

યાદ રાખજો,

આ ભૂલ ભરેલાં સંસારમાં, પ્રત્યેક પગલે ભૂલ થતી હોય છે અને સૌથી મોટી ભૂલ તો પ્રભુ મળ્યાં પછી, પ્રભુને ભૂલી જવાની ભૂલ હોય છે.

આખું વર્ષ બીજાની ભૂલો જોઈ, ચાલો, આજે પ્રભુને કહી દઈએ... પ્રભુ ! મને મારી ભૂલો બતાડો ! પ્રભુ ! તું છે તો મને મારી ભૂલ દેખાય છે અને પ્રભુ, તને ભૂલું છું તો મને બીજાની ભૂલો દેખાય છે.

કેટલાંક એવા હોય, જેમને માટે પર્યુષણ એ પ્રભુને યાદ કરવાની ક્ષણ હોય અને કેટલાંક એવા હોય, જે પર્યુષણને પ્રભુને ફરિયાદ કરવાની ક્ષણ માનતા હોય. તેઓ પ્રભુને ફરિયાદ કરે કે, પ્રભુ ! મારા સંસારનો મોહ કેમ ઉતરતો નથી, મારો રાગ કેમ ઓછો થતો નથી, મારા દોષો કેમ ઘટતાં નથી, મારા અવગુણો કેમ દૂર થતાં નથી, મારા કર્મો કેમ ક્ષય થતા નથી ?

જેમને પોતાની ભૂલો, દોષો, અવગુણો દેખાય તે જ સુધરવાનો પુરુષાર્થ કરી શકે, પોતાનું report card બનાવી શકે કે, આ પર્યુષણમાં મારામાં આટલો સુધારો થયો, મારા આત્માની આટલા અંશે શુદ્ધિ થઈ !

પર્વાધિરાજ પર્યુષણમાં ગુરુ આપણી આત્મધરા પર drilling કરી, આપણી અંદરમાં રહેલાં જ્ઞાનામૃતને બહાર કાઢવાનું કર્તવ્ય નિભાવે છે. આપણી સમજને શ્રેષ્ઠ બનાવવાનો પુરુષાર્થ કરે છે.

જેમની આત્મધરા જેટલી વધારે soft, એમાં એટલું ઓછું drilling કરવું પડે.

જેમની પ્રભુવચનો પ્રત્યેની શ્રદ્ધા અને ધર્મપ્રેમ વધારે એ ગુરુના માત્ર અલ્પ વચનોમાં પણ ઘણું બધું સમજી જાય, તો કેટલાંક કલાકના પ્રવચન પછી સમજે, તો કેટલાંક પર્યુષણના આઠ દિવસ પછી સમજે !

માનો કે, સામે આતંકવાદી ઊભા હોય અને police એને પોતાની gunનું licence બતાવે કે, જો મારી પાસે gun છે, આ એનું licence છે, એટલાં માત્રથી શું આતંકવાદી એના હથિયાર નીચે રાખી દે ? ના ! Policeના હાથમાં licenceની સાથે gun પણ હોવી જોઈએ !

એમ સમજ પણ જરૂરી છે અને સમજાવનાર પણ જરૂરી છે.

ઘણા બધાંની ફરિયાદ હોય છે કે, ગુરુદેવ ! પર્યુષણમાં પ્રવચન સાંભળીએ ત્યારે મનમાં નિર્ણય થઈ જ જાય કે, હવેથી આમ જ કરવું છે અને આવું તો કરવું જ નથી, પણ જેવી પરિસ્થિતિ આવે એટલે બધી સમજ ભૂલાઈ જાય છે.

સમજ લાખો હોય, જેમ કે, રાગની situation વખતે અલગ સમજ હોય, jealousy વખતે અલગ સમજ હોય, mistakes સમયે

અલગ સમજ હોય, ગુસ્સો આવે ત્યારે અલગ સમજ હોય, એટલે સમજ લાખો હોય એટલે ભૂલાઈ જવાની શક્યતા વધારે હોય પણ સમજાવનાર તો લાખોમાં એક જ હોય ને !

એમને જો યાદ રાખીએ તો બધી સમજ યાદ આવી જાયને ! !

સમજ લાખો હોય છે, સમજાવનાર પ્રભુ કે ગુરુ એક જ હોય છે.

પ્રભુ કે ગુરુને ભૂલવાની એક ભૂલ, લાખ ભૂલનું કારણ બને છે અને પ્રભુ કે ગુરુ જો સતત યાદ રહે છે, તો દરેક ભૂલને સુધારી શકાય છે.

સમજને પ્રેમ કરવો જોઈએ કે સમજાવનારને ?

જે જેને પ્રેમ કરતાં હોય, એમને તે ક્યારેય ભૂલી શકે ?

જો મને એક મારા પ્રભુ કે ગુરુ યાદ રહે તો મને એ એકની લાખો સમજ automatic યાદ આવી જ જાય !

સમજાવનાર હોય તો, સમજ સહજ બની જાય !

જેટલું શરણ શ્રેષ્ઠ, એટલું સ્મરણ strong!

થોડાં દિવસ પહેલાં એક ભાઈ આવ્યાં હતાં, એમણે કહ્યું, અમે U.S.Aમાં એક sight seeing placeમાં ગયાં હતાં. ત્યાં ચારે તરફ greenery હતી અને એના ઉપર જ ચાલીને જવાનું હતું, મારા નાનકડાં દીકરાએ તરત જ કહ્યું, daddy! મને મારા Look N Learnના દીદીએ સમજાવ્યું છે કે, grassમાં પણ જીવ હોય, એના પર ચલાય નહીં. એના પર ચાલીએ તો જેમ એક હાથી મારા body પર પગ મૂકે અને મને જેટલું pain થાય, એટલું જ pain આપણે જ્યારે grass પર પગ મૂકીએ, ત્યારે તે grassના જીવને થાય. આપણે અહીંયા નથી જવું !

આનંદની, enjoy કરવાની એ સ્થિતિમાં પણ એ નાનકડા બાળકને કોણ યાદ આવ્યું ? સમજાવનાર દીદી યાદ આવ્યાં અને દીદી યાદ આવ્યાં એટલે દીદીએ સમજાવેલી સમજ પણ યાદ આવી ગઈ ! એટલે એ પાપથી, દોષોથી અને હિંસાથી બચી ગયો અને એના parentsને પણ બચાવ્યાં !

સમજાવનાર પ્રભુ કે ગુરુ સાથે એવી પ્રીત જોડવી અને શરણભાવને એવો શ્રેષ્ઠ બનાવવો કે તેઓ ક્યારેય ભૂલાય નહીં.

પરિવર્તન એના જ હૃદયનું થાય છે, જેના હૃદયમાં પ્રભુ અને પ્રભુપુત્ર પ્રત્યે પ્રેમ અને સમર્પણભાવ હોય છે.

જેના અંતરમાં પ્રેમ ન હોય, તેના માટે પર્યુષણ માત્ર protocol બનીને રહે છે.

પર્યુષણ એ માત્ર protocols રૂપ (નિયમ) હોવા જોઈએ કે પર્યુષણ પરમાત્માને call (promise) આપવા માટે હોવા જોઈએ ?

પ્રભુ ! આ પર્યુષણમાં મારું તને promise છે, મારી દરેક વાતમાં પ્રભુ તારી યાદ હશે. પ્રભુ, તારી યાદ હશે તો મારી દરેક ક્ષણ સમજની ક્ષણ બની જશે. પ્રભુ, તું હશે તો મારી દરેક સમસ્યાનું સમાધાન હશે.

એક ભક્ત જો ભગવાનને પ્રેમ કરવા લાગે તો, ભગવાનની બધી વાતો, બધી સમજ, બધી આજ્ઞા, બધાં સિદ્ધાંતો તેને શિરોમાન્ય બની જાય.

પ્રભુ ! મને 100 logic નથી સમજવા, મને તો માત્ર તારા પ્રેમનો magic touch જોઈએ છે.

તારા પ્રેમના magic touchથી કથિર જેવો હું પણ કંચન બની જઈશ. આવી ક્ષમતા હોય છે, પ્રભુ પ્રત્યેના પ્રેમમાં !

જે પ્રભુને, પ્રભુના ધર્મને પ્રેમ કરે છે, એના બધાં પાપ-દોષો અને ભૂલો ધોવાઈ જાય છે.

प्रभु तू है तो
तेरा धर्म है,
गुरु तू है तो
तेरी समझ से
धर्म के प्रति प्रेम है।

संकल्प

આ વર્ષે મારે પ્રભુપ્રેમ, ધર્મપ્રેમ અને શરણભાવને એવા ઉત્કૃષ્ટ કરવા છે કે મારી દરેક વાતમાં, પ્રભુની યાદ હોય !

ગણધર ગૌતમ સ્વામી પ્રભુ મહાવીરને પ્રેમ કરે અને ગૌતમ સ્વામીનો અહમ્ શૂન્ય થઈ જાય, ખૂની અર્જુનમાળી પ્રભુને પ્રેમ કરે અને મુનિ બની જાય.

શ્રેષ્ઠ મળ્યાં પછી, જે એમની શ્રેષ્ઠતાનો અહેસાસ કરે, તે પણ ભાવિની શ્રેષ્ઠતાનું સર્જન કરી લે અને શ્રેષ્ઠને જે સામાન્ય માને, તે સ્વયં સામાન્ય જ રહી જાય.

'સમજ તો લાખો હોય, પણ સમજાવનાર લાખોમાં એક હોય !'

પર્યુષણ એટલે પ્રભુ પ્રત્યેના સ્નેહ અને શરણ ભાવને દૃઢ કરી, પ્રભુના ધર્મને અત્યંત અહોભાવથી પ્રેમ કરવો. પ્રભુ સ્મૃતિમાં હશે તો પ્રભુનો ધર્મ automatic યાદ આવી જશે અને પાપથી, ભૂલથી, દોષોથી, અવગુણોથી અટકાવશે.

પ્રભુ પ્રત્યે પ્રેમ જાગે તો જ પ્રભુના ધર્મની પ્રભાવના થાય.

પર્યુષણ એટલે પરમાત્મા સાથેના પ્રેમને recharge કરવાનો અમૂલ્ય અવસર !

વિદાય પછી નામ પાછળ 'અરિહંત શરણ' લખાય તેના કરતા જીવતા અરિહંતનું શરણ પામવું શ્રેષ્ઠ છે.

પર્યુષણ Pressure નહી, Pleasure હોવા જોઈએ.

જે આ ભવમાં પળ-પળ પ્રભુનું સ્મરણ કરે, તેને ભવિષ્યમાં પ્રભુનું સમવસરણ મળે !

સમવસરણમાં જવું શ્રેષ્ઠ છે, પણ તમે જ્યાં જાવ ત્યાં સમવસરણ રચાઈ જાય તે સર્વ શ્રેષ્ઠ છે.

પ્રભુ ! આપનું શાસન મળ્યું આપનો અમારા ઉપર મહાઉપકાર છે.

પ્રભુનું નામ લેવાવાળા શ્રેષ્ઠ છે, પ્રભુનું નામ કરવાવાળા સર્વ શ્રેષ્ઠ છે.

પ્રભુનું જ્ઞાન એ medicineની shop સમાન છે, અને ગુરુની પ્રેરણા અને આજ્ઞા એ prescription સમાન છે.

પર્યુષણ એ પ્રયોગોની અનુભૂતિ અને અહેસાસનો અવસર છે.

બીજાની આંખોમાં તમારા કારણે જેટલા આંસુ આવ્યા છે, તેને પોતાની આંખોમાં આંસુઓ લાવી ધોવાનું પર્વ એટલે પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ !

तू है तो

भूलना आसान हैं

- પરમ ગુરુદેવ

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ એટલે જીવનની સાચી દષ્ટિ પામી, સત્ય ઉપર વિશ્વાસ લાવી, સમકિતને વિશુદ્ધ કરી, આતમ ઉજ્જવળતાને પ્રાપ્ત કરવાનું મહાપર્વ !

Lifeમાં પ્રભુ છે, તો પ્રભુ જેવા બનવાની શરૂઆત કરી શકાય. પણ પ્રભુ જેવા બનાય ક્યારે ?

જ્યારે pastની memories બધી ભૂલાઈ જાય !

પર્વાધિરાજ પર્યુષણ એ સમભાવનો અવસર છે અને pastની memories આપણને વિભાવ તરફ લઈ જાય છે. સમભાવ જો વિષમભાવ તરફ જાય એટલે સમ્યક્ દર્શન પણ વિષમભાવમાં જતું રહે અને આત્મા પરમાત્માથી દૂર જવા લાગે !

મોટાભાગની વ્યક્તિઓમાં ધર્મની memoriesના stock કરતાં સંસારની memoriesનો stock વધારે હોય છે, જે memoriesનો attack લાવે છે.

Memoriesનો attack heart attack કરતાં પણ dangerous હોય છે, વધારે નુકસાનકારક હોય છે.

Memoriesનો attack આવતા જ વ્યક્તિ ધર્મ ભૂલી જાય, સમભાવ અને સમતા ભૂલી જાય, પોતે ક્યા સ્થાન પર છે એ ભૂલી જાય અને હસતાં-હસતાં અચાનક આવેશ અને આક્રોશમાં આવી જાય.

આવેશનું કારણ હોય છે, અંદરમાં પડેલી તે વ્યક્તિ માટેની bad memories, negative memories!

Memories જેટલી flash back થાય એટલું વ્યક્તિનું future black થાય.

Memoriesનો attack સંબંધોને, વ્યવહારને, actionને, businessને અને તમારા moodને disturb કરવાવાળો હોય છે, પરિવારમાં problems create કરનાર છે.

જે પરિવાર pastમાં જીવતો હોય, એ પરિવારનું future bright થવાના બદલે black થતું હોય છે, જેનું કારણ વ્યક્તિનો nature હોય છે.

માટે જ memoriesને ભૂલવી અત્યંત જરૂરી હોય છે અને સાથે-સાથે natureને pure કરવો પણ એટલો જ જરૂરી હોય છે.

પર્યુષણ એ માત્ર event નથી પણ આત્મશુદ્ધિની process માટે છે. આત્મશુદ્ધિનું first step છે, natureને pure કરવો.

प्रभु तू है तो
समभाव की साधना है,

गुरु तू है तो
bad memories
भूलना आसान है !

Bad memories ભૂલાય તો જ સમભાવની સાધના થાય.

Bad memoriesને ભૂલવા માટે, pastની memoriesને delete કરવા માટે ઘણી બધી master keys છે.

Incidentને Vomit કરતા શીખી જાવ :-

જ્યારે પેટમાં ગડબડ થાય, indigestion feel થાય, ત્યારે Vomit થઈ જાય તો એકદમ બધું શાંત થઈ જાય, એવી જ રીતે જ્યારે કોઈ insult કરે, આક્ષેપ કરે, કોઈના પ્રત્યે અણગમો થાય અને mind upset થાય ત્યારે તે બધી ઘટનાઓની vomit કરી, ભૂલી જઈ, mindને શાંત કરી, fresh થઈ જવું જોઈએ.

Anti attack કરતાં શીખી જાવ :-

જેની સાથે problems છે, જેના માટે મનમાં negativity છે, allergy જેવી feelings છે, એની પ્રશંસા કરવાનું શરૂ કરી દેવું જોઈએ. એના વખાણ કરવાનું શરૂ કરી દેવું જોઈએ.

કદાચ એ વ્યક્તિ કહેશે કે, તમે મારા ખોટા વખાણ કરી રહ્યાં છો, ત્યારે ખૂબ જ સમભાવ રાખી, કોઈપણ પ્રકારના reactions નહીં આપવાના ! કેમ કે, તમને ખબર છે, તમે વખાણ કરીને તમારી bad memoriesને ભૂલવાનો, positive memoriesને વધારવાનો પુરુષાર્થ કરી રહ્યાં છો, Acceptance level વધારી રહ્યાં છો.

તમારી પ્રશંસા, તમારી allergyની best medicine છે.

તમારું acceptance તમારા સમભાવને વધારે છે.

સમભાવને પરમાત્માએ ધર્મ કહ્યો છે.

જો સામાયિક સમતાનો ધર્મ છે, તો situation સમયે સમતા રાખવી, એ સમભાવનો ધર્મ છે.

સામાયિક એટલે સૂત્ર પાઠ સાથેની 48 minutesની સમતા, જ્યારે સમભાવ એટલે સમજ સાથેની 24 કલાકની સમતા !

ગુણ ગ્રાહક બનતાં શીખી જાવ :-

જે ગુણ ગ્રાહક બને છે, એની good memoriesનો stock વધે છે.

જેમ-જેમ ગુણ ગ્રાહકતા, ગુણ ચાહકતા, ગુણ દૃષ્ટિ વધે, તેમ-તેમ સામેવાળી વ્યક્તિ માટે જે bad memories હોય તે delete થતી જાય.

ભલે તેને મારી સાથે bad behave કર્યું પણ મારા દીકરા માટે તો તેને અત્યંત પ્રેમ છે ને !

સંકલ્પ

જ્યાં સુધી પ્રભુ જેવો ન બનું ત્યાં સુધી, મારી aura, પ્રભુ જેવી શુભ aura બને, એવો પુરુષાર્થ કરીશ.

જેમ-જેમ good-qualities જોતા જઈએ, let goનો ભાવ વધવા લાગે અને bad memories ભૂલાતી જાય.

Presentમાં જીવતા શીખી જાવ :-

ઘણી વ્યક્તિની આદત હોય હંમેશાં pastમાં જ જીવતા હોય. અમારા સમયમાં આમ હતું, ત્યારે અમે આમ કરતાં હતાં. તો ઘણા futureમાં જીવતા હોય, મારે આમ કરવું છે, મારે આ લેવું છે, આ business કરવો છે.

ભગવાને કહ્યું છે, pastમાં memories હોય અને futureમાં imagination હોય, માટે best છે, presentમાં જીવવું. Presentમાં ન memories રાખવી, ન imagination રાખવા, માત્ર સમભાવમાં રહેવું.

જેને past ભૂલતાં આવડે, તેના face પર બાળક જેવી નિર્દોષતા હોય.

જે pastની memoriesને hold કરી રાખે છે, તે જલ્દી old થવા લાગે છે.

Mindમાં ventilation રાખતાં શીખી જાવ :-

જે roomમાં cross ventilation ન હોય, એ roomમાં ગરમી, બફારો અને અકળામણ વધારે થાય. પણ જે roomમાં બે windows સામ સામે હોય, ત્યાં cooling અને peaceful atmosphere હોય.

એવી જ રીતે જો mindમાં 2 door હોય તો જેવું કોઈએ insult કર્યું, એક doorમાંથી entry થઈ અને બીજા doorમાંથી એ insultની exit થઈ જાય, Memoryમાં રહે જ નહીં.

જેના mindમાં ventilation ન હોય, એ

અંતે ventilator પર જતાં હોય છે.

જેના mindમાં ventilaton હોય, તેનો જીવન મંત્ર હોય,

"इस कान से उस कान, चहेरे पर गुरु जैसी मुस्कान!"

પ્રભુ સાથે એકરૂપ થવાનો પુરુષાર્થ કરતાં શીખી જાવ:-

જેને bad memories કાઢતાં આવડે, ભૂલતાં આવડે, તે પ્રભુ સાથે એકરૂપતા કરી શકે, સ્વયંની auraને પ્રભુ જેવી બનાવી શકે.

પ્રભુ! તારા જેવો સર્વજ્ઞ અને વીતરાગી જ્યારે બનીશ ત્યારે બનીશ, પણ આજે પ્રભુ, તારા જેવી, મારી auraને બનાવવા હું મારી bad memoriesના stockને જરૂર clean કરીશ. જે bad memoriesને delete નહીં કરી શકું, તેને good memoriesથી overwrite કરીશ.

આજે પ્રભુ, હું થોડોક તારા જેવો બનીશ, તો કાલે પુરો, આખો તારા જેવો બની શકીશ!

પર્યુષણ મહાપર્વ એટલે સ્વયંના આત્માની સમીપ જવાનો શ્રેષ્ઠ અવસર!

આત્માની સમીપ જવાનો એક માર્ગ છે, સમભાવની સાધના!

પરમાત્માના ધર્મનો main base છે, સમભાવ! સમભાવનું ખૂન કરે છે, memoriesનો attack!

પ્રભુ છે તો સમભાવની સાધનાની સમજ છે અને ગુરુ છે તો એ સમભાવની સાધનાનું ખૂન કરનાર memoriesના attacksથી બચવાની, memoriesને clean કરવાની અને memoriesને ભૂલવાની Master Keys છે, જેના કારણે memoriesને ભૂલવી આસાન છે!

'ધર્મ રથનો પ્રભાવ શું હોય?'

નિહાળો એક અંતરસ્પર્શી નાટિકા દ્વારા

નાટિકાને માણવા Scan QR Code

તમારો Face, તમારી Memoriesનું Reflection હોય છે.

પર્યુષણ જો સમકિત પ્રાપ્તિનું કારણ બની જાય, તો સિદ્ધત્વના બીજ વવાઈ જાય.

Heart Attack કરતાં પણ વધારે dangerous હોય છે memoryનો attack! Heart Attack એકવાર આવે, જ્યારે memory attack instant & constant હોય!

જેના પ્રત્યે નફરત હોય, તેના ગુણોને જોવાનું શરૂ કરો, નફરત ઘટી જશે, પ્રેમ વધવા લાગશે.

જ્યાં સુધી કોઇના close રહીએ ત્યાં સુધી મનનાં વિચારો close થતાં નથી!

સૌજન્ય: ગુરુભક્ત શ્રી મહેતા પરિવાર - ઘાટકોપર, મુંબઈ

तू है तो

साधना जीवंत हैं

- પરમ ગુરુદેવ

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ નિયમરૂપ સાધના દ્વારા best futureનું planning કરવાનો પાવન અવસર !

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ એટલે **ठाणं संपाविउ कामाणं**, અર્થાત્ મોક્ષ પ્રાપ્તિનો આંતરિક ઉલ્લાસભાવ સાથેનો પુરુષાર્થ કરવાનું પર્વ !

જેને મોક્ષના સ્વપ્ન આવે, મોક્ષની ઝંખના જાગે, તે મુમુક્ષુ કહેવાય. મોક્ષની પ્રાપ્તિ કાંઈ એક દિવસમાં ન થાય. ભગવાન મહાવીરની મોક્ષની નિયતિ 27 ભવ પહેલાં નક્કી થઈ હતી. એ નિયતિની પાછળ કોઈ ઉત્કૃષ્ટ સાધના, કોઈ મોટો નિયમ, ત્યાગ, સાધના હતી કે એક નાનકડો નિયમ હતો ?

અનંતકાળના પરિભ્રમણનું જે નિયંત્રણ કરી શકે, તેને 'નિયમ' કહેવાય.

જે નિયમ ગ્રહણ કરે છે, તેની નિયતિ મોક્ષની હોય છે.

નયસાર નામના સુથારે 'જમાડ્યા વગર જમીશ નહીં,' આવા એક નિયમનું નિષ્ઠાપૂર્વક પાલન કર્યું ને 27માં ભવે ભગવાન મહાવીરનો મોક્ષ થઈ ગયો.

જો તમે પણ નિયમ લેશો, તો તમારી નિયતિ બદલાઈ જશે. એક નિયમથી તમારું આત્મનિયંત્રણ થઈ જશે, તમારી આત્મનિધિ ખીલી ઊઠશે.

નિયમ જ્યારે પ્રતિજ્ઞાબદ્ધ બને, ત્યારે તે સાધના કહેવાય.

પ્રતિજ્ઞાનું પાલન કરીએ તો પરમાત્મા બનાય.

આ પર્યુષણમાં તમને નાના-નાના નિયમો આપું છું, જે પાળતી વખતે દરરોજ પર્યુષણ તો યાદ આવશે પણ તમારો આત્મા સંસ્કારિત અને શુદ્ધ થતો જશે.

જે નિયમિત નિયમોની પાલના કરે છે, તે સમ્યક્દર્શનના અધિકારી બને છે, તેના નરકના અને તિર્યંચના દ્વાર બંધ થઈ જાય છે.

प्रभु तू है तो
नियमरुप साधना हैं,
गुरु तू है तो
Best future के लिए
साधना जीवंत हैं !

Lifeનો એક નિયમ તમારું જીવન તો સુધારી શકે છે પણ તમારા અંત અને અંત પછીના અનંતને પણ સુધારી શકે છે.

વર્તમાનકાળમાં પરમાત્મા પ્રત્યક્ષ નથી, પરંતુ પરમાત્માની નિયમોરૂપી સાધના છે, પ્રભુના એ અનેક નિયમોનો ભાવાર્થ અને ગૂઢાર્થને, તેના logic અને secretsને સમજાવનાર ગુરુ lifeમાં છે એટલે આપણી નિયમરૂપ સાધના જીવંત છે અને એ સાધનાની જીવંતતાથી આપણે આપણા futureનું planning પણ કરી શકીએ છીએ અને futureને best પણ બનાવી શકીએ છીએ.

કેટલાંક નાના નિયમો, જે તમને મોટા **ભગવાન** બનાવી શકે છે

કોઈને જમાડ્યાં વિના જમવું નહી.
જે અન્યને શાતા પમાડે છે,
તેના સંકટો દૂર થઈ જાય છે.

મુષ્ટિ પચ્ચક્ખાણ.. મુઠ્ઠી બંધ એટલે ચૌવિહાર શરૂ અને મુઠ્ઠી ખોલો એટલે ચૌવિહાર પૂરો !
ચૌવિહારપૂર્વક જેની વિદાય થાય,
તેની વિદાય સંથારાપૂર્વકની વિદાય કહેવાય.

જેની અંદરમાં આજ અનુકંપા જાગે, તે કાલે અરિહંત બને !
Servant, Cook કે શાકવાળા જેટલી ઈયળો બચાવે, એમને એટલાં રૂપિયા આપવા, જેથી તેઓ વધારે ઈયળો બચાવવાનો પ્રયત્ન કરે અને જતનાપૂર્વક શાક સુધારે. એ જીવોને સુરક્ષિત સ્થાને મૂકી, એમના યોગ્ય આહાર-પાણી આપવા.
તમારા અનુકંપાના સંસ્કાર દૃઢ થશે.

ઘરની બહાર નીકળતી વખતે હંમેશા પહેલાં right પગ બહાર મૂકવો.
જે first leg right મૂકે એના બધાં કાર્ય નિર્વિઘ્ન, success થાય.
1st Step positive તો all Step positive

કોઈપણ વસ્તુ એક હાથે નહી, બે હાથે જ અર્પણ કરવી અને બે હાથે જ ગ્રહણ કરવી.
એક હાથેથી કરવાથી ક્યારેક અભાવની feelings આવે પણ બે હાથેથી કરવાથી વિનમ્રતાની feelings આવે.
हत्थ संजए - જે હાથનો સંયમ પાળે છે, એ ક્યારેય હાથ ગુમાવતા નથી.

જમતી વખતે, પહેલા બે ઈંચ થાળી ઊંચી કરી, ગુરુ કે સંત-સંતીજીઓને વ્હોરાવવાની ભાવના ભાવવી,
પછી એ ભોજન તરફ દૃષ્ટિ કરવી. તેમને યાદ કરવાથી વિનયભાવ પ્રગટ થાય છે.
એ વિનયથી જ્યારે ભોજન તરફ દૃષ્ટિ કરો છો, ત્યારે તે ભોજન અમૃત સમાન પ્રસાદ બની જાય છે.

દરરોજ ઓછામાં ઓછી 9 minutes જપ સાધના કરવી.
જપ સાધના મનને વિશુદ્ધ કરે છે, આત્મઊર્જા પ્રગટ કરે છે.

હું મારો free time waste નહી કરું, પણ પ્રભુ ! તારા મંત્ર સ્મરણથી એને best બનાવીશ.

હું મહિનામાં ઓછામાં ઓછી એક વ્યક્તિને પ્રભુના ધર્મની પ્રભાવના કરીશ, પ્રેરણા આપીશ.

જ્યારે-જ્યારે free time મળે, તમારા ઈષ્ટ મંત્રનું સ્મરણ કરવું.
જે મંત્ર તમારો ઈષ્ટ હોય, તે મંત્ર તમારો મિત્ર હોય. મંત્ર નામનો મિત્ર anytime તમારી મિત્રતાની care કરવા માટે હાજર હોય, મૃત્યુ સમયે પણ સ્મૃતિમાં આવી જાય અને પ્રભુ સાથે ઐક્યતા કરાવી દે.

સહાય પચ્ચક્ખાણ - બની શકે ત્યાં સુધી કોઈની સહાય ન લેવી, પોતાનું કાર્ય પોતે જાતે જ કરી લેવું, ભલે ગમે એટલા servants આદિની અનુકૂળતા હોય ! જેને કોઈની helpની જરૂર ન પડે, એની lifeમાં Problems ઓછા હોય. સહાય પચ્ચક્ખાણ લેવાવાળા આત્માઓ ત્વરિત મોક્ષગામી હોય.

પ્રભાતે ઘરની બહાર નીકળો, ત્યારે ઈશાન ખૂણામાં 3 વંદના કરી ઘરના વડિલોને પગે લાગી કોઈ પણ સ્વજનના મુખેથી માંગલિકનું શ્રવણ કરી બહાર નીકળવું.
વંદના કરવાથી ઉચ્ચગોત્ર પુણ્યકર્મનો બંધ અને નીચગોત્ર કર્મનો ક્ષય થવાથી સૌભાગ્યની પ્રાપ્તિ થાય છે. અણધાર્યા કાર્યો સફળ થાય છે. માંગલિકનું શ્રવણ કરનાર અને કરાવનાર બંનેના મમ્ અર્થાત્ અહમ્ ઓગળી જાય છે, કાર્ય મંગલ અને ભાવોમાં માંગલ્યતા આવે છે.

ઓછામાં ઓછું weekમાં એક વાર - ગુરુવારે white dress પહેરવો જોઈએ.
આજે ગુરુ સાથે વસ્ત્રો સરખા થશે તો કાલે વિચાર સરખા થશે અને ક્યારેક આચાર સરખા થશે.

ભોજનના પદાર્થ ભલે vegetarian હોય, પરંતુ જો તેનો shape મનુષ્ય કે animalનો હોય તો તે વાપરવાથી non-veg વાપરવા જેટલું પાપ લાગે છે, માટે તેનો ત્યાગ કરવો !

Weekમાં 2 વખત તો પ્રભુવચનો સાંભળવા છે. કેમ કે, આ મનુષ્ય ભવમાં જ શ્રવણ કરવા યોગ્ય કાન મળે છે. માટે જ, પ્રભુએ પંચેન્દ્રિય જીવની મોક્ષયાત્રા બતાવી છે.

મહિનામાં ઓછામાં ઓછા બે દિવસ શાસનની, ગુરુની કે કોઈ ગરીબની સેવામાં અને બે દિવસ સત્સંગમાં વિતાવવા.

હું weekમાં એકવાર સચેતનો ત્યાગ કરીશ, જીવતા જીવનું ભોજન નહીં કરું, કાચું સલાડ ખાઈશ નહીં.

આવા નિયમો લાગે છે નાના-નાના પણ એ નિયમો જ આપણી મોટી નિયતિ સર્જી શકે છે.

तू है तो

मुस्कान सहज हैं

- પરમ ગુરુદેવ

મારા સુખમાં અજાણ્યા અતિથિનો ભાગ, એનું નામ સંવિભાગ !

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ એટલે અન્યની મુશ્કેલીમાં મુસ્કાન બનવાનું કર્તવ્ય નિભાવવાનો કલ્યાણકારી અવસર !

આ જગતમાં કેટલાંક આત્માઓ એવા હોય જેમને 'કંઈક' મળી જાય તો ચહેરા પર મુસ્કાન આવી જાય અને કેટલાંક આત્માઓ એવા હોય જેમને 'કોઈ' મળી જાય તો ચહેરા પર મુસ્કાન આવી જાય.

કોઈકને કંઈક મળી જાય અને મુસ્કાન આવે તે સમ્યક્ મુસ્કાન હોય કેમ કે, એ 'કોઈ' નું દુ:ખ દૂર કરવાની આત્મ પ્રસન્નતા હોય.

જે અન્યનું દુઃખ દૂર કરે છે, એના દુ:ખ ટકતાં નથી !

જેનું નાનપણથી જ 'આપીને' આનંદનું ઘડતર થયું હોય, એને જ અન્યના દુ:ખ અને અન્યની તકલીફ શોધતાં અને દૂર કરતાં આવડે.

યાદ રાખજો,

જે તમારા ઘરેથી ખાલી હાથે જાય છે, તે તમારા પુણ્ય ખાલી કરીને જાય છે અને જે તમારા ઘરેથી ભરેલાં હાથે જાય છે, તે તમારું પુણ્ય ભરીને જાય છે.

તમારું જેવડું દિલ હોય એટલી સામેવાળાની demand પૂરી થાય. સહાય એ જ કરી શકે, અર્પણ એ જ કરી શકે, જેમનો મોહ, આસક્તિ અને પરિગ્રહ ઘટ્યા હોય.

ભગવાને એક ખૂબ જ સરસ સૂત્ર આપ્યું છે : 'અતિથિ સંવિભાગ વ્રત'.

અતિથિ એટલે અજાણી વ્યક્તિ અને સંવિભાગ એટલે મારી પાસે જે છે એમાં અજાણ્યાનો, અતિથિનો ભાગ !

જાણીતા એટલે કે ભાઈ-બહેન, દીકરા-દીકરીને તો બધાં આપે. બધા એમને પોતાના સુખમાં સહભાગી બનાવે પણ જેને જાણતાં નથી, એવી વ્યક્તિઓને પોતાના સુખમાં સહભાગી બનાવવા એ હોય છે, સંવિભાગ !

જેમની સગા, સ્વજન અને સંબંધ પ્રત્યેની આસક્તિ છૂટે, તે જ સંવિભાગ કરી શકે, તે જ નિ:સ્વાર્થ ભાવે સહાયરૂપ બની શકે.

એક દિવસ એક ઉદ્યોગપતિ દર્શન કરવા આવ્યાં હતાં. એમની સાથે discussion ચાલી રહ્યું હતું ત્યારે એમણે કહ્યું, ગુરુદેવ ! હું જેટલાં મારી માટે વાપરું છું, એટલાં જ હું અન્યને help કરવામાં વાપરું છું. મારી પાસે કરોડો રૂપિયા નથી પણ જે shirt માટે હું brandનો આગ્રહ રાખતો હતો અને 12,000/- રૂપિયામાં ખરીદતો હતો તે હવે 6,000/- રૂપિયામાં purchase કરું છું અને જે 6,000/- રૂપિયા બચાવું છું તે હું અન્યને help કરવામાં વાપરું છું. આવી જ રીતે દરેક વસ્તુમાં options શોધી 50% હું વાપરું છું અને 50% બચાવી અન્ય માટે વાપરું છું. આને કહેવાય સંવિભાગ !

જો આપણે try કરીએ તો આપણે બીજાના દુ:ખને દૂર કરવામાં આપણા સુખનો સંવિભાગ કરી શકીએ.

જે પોતાના સુખનો સંવિભાગ કરે છે, એના સુખનો ગુણાકાર થાય છે. જે પોતાના સુખનો સંવિભાગ કરે છે, તે સામાન્યમાંથી શ્રીમંત અને શ્રેષ્ઠિવર્ય બની જાય છે.

જે પોતાની જ facilitiesનો વિચાર કરે છે, તે ક્યારેય કોઈના દુ:ખની લીટીને ભૂંસી શકતા નથી.

દાન અર્પણ કરવું અને સંવિભાગ કરવો, આ બંનેમાં બહુ મોટો ફરક હોય છે.

દાનમાં હું મોટો અને એ નાનો, એવો ભાવ હોય છે, જ્યારે સંવિભાગમાં સરખાપણાનો ભાવ હોય છે.

વિચાર કરો, જો દુનિયામાં એક જ વ્યક્તિ હોય તો એની company ચાલે ? એની product વેચાય ? એ કોઈને સહાય કરી શકે ? એ કોઈને દાન આપી શકે ? ના !

એટલે સમાજ છે તો આપણે આપણા કર્તવ્ય નિભાવી શકીએ છીએ.

प्रभु तू है तो

अतिथि संविभाग व्रत हैं,

गुरु तू है तो

संविभाग से मुस्कान का कर्तव्य सहज हैं !

જે સંઘમાં, જે સમાજમાં તમે કાંઈક અર્પણ કરો, ધર્મક્ષેત્રમાં અર્પણ કરો તેને દાન કહેવાય કે તમારું કર્તવ્ય કહેવાય ?

જે સંઘ થકી, જે ધર્મ ક્ષેત્ર થકી, મારા આત્માને લાભ થયો હોય, જે સમાજ થકી મારો પરિવાર ચાલતો હોય, તો સંઘ અને સમાજ માટે મારું પણ કોઈ કર્તવ્ય હોય ને ?

જે સમાજ પાસેથી આપણને કાંઈ મળે છે, એ જ સમાજને કાંઈ અર્પણ કરવું એને દાન કેવી રીતે કહેવાય ? એને કર્તવ્ય કહેવાય, સંવિભાગ કહેવાય !

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ આપણી beliefને change કરવા માટે હોય છે.

કોઈ મોટી રકમ અર્પણ કરનાર આવે એટલે તરત જ બધાં કહેશે, જુઓ, દાનવીર આવ્યાં ! એ મહાન દાનવીર કહેવાય કે સમાજમાં સંવિભાગ કરનાર કહેવાય ?

તમે જ્યારે 'દાનવીર'નું label લગાડો ત્યારે જાણે-અજાણે એની side effect તરીકે કર્તૃત્વભાવ આવી જાય, 'મેં આપ્યું' નો સૂક્ષ્મ ego આવી જાય.

સમાજને લાભ થવાની effect સાથે કર્તૃત્વની side effect આવી જાય.

માનો કે, તમારી wife તમારા માટે રસોઈ બનાવે છે અને જ્યારે તમે જમવા બેસો, ત્યારે દીકરીને કહે કે, જા, બેટા ! પપ્પાને આ 4 રોટલીનું દાન કરી આવ ! કેવું લાગે ? એ દાન કર્યું કહેવાય કે કર્તવ્ય કે સંવિભાગ કર્યો કહેવાય ?

જ્યાં પ્રેમ હોય, ત્યાં 'દાન' ન હોય.

જે સંઘને, જે સમાજને, જે ધર્મક્ષેત્રને તમે પ્રેમ કરતાં હો, એના માટે તમારું યોગદાન એ દાન ન કહેવાય, એ સંવિભાગ કહેવાય.

જે યોગદાન અર્પણ કરનારા હોય, તે પ્રભુના વરદાનને પાત્રવાન હોય.

પર્વાધિરાજ પર્યુષણ આપણને આપણા કર્તવ્ય શીખડાવવા માટે આવે છે.

મનુષ્ય એ જ હોય, જે બીજાના ચહેરા પર મુસ્કાન લાવવાનું કર્તવ્ય નિભાવતા હોય.

આસ અને પાસના લોકોને જે 'હાશ' આપે, એ પ્રભુનો શ્રાવક હોય.જેમાં 'હાશ' એનું નામ પુણ્ય અને જેમાં 'ત્રાસ' એનું નામ પાપ !

તમારા સુખમાં કોઈનો સંવિભાગ થાય, કોઈની મુશ્કેલીમાં તમે મુસ્કાન બની જાવ, સામેવાળી વ્યક્તિના દુ:ખ દૂર થવાથી તમારા ચહેરા પર હળવાશ આવી જાય, તો તમારું માનવ જીવન સફળ થઈ જાય !

જેનું heart soft હોય, એને જ બીજાનું દુ:ખ પોતાનું દુ:ખ લાગે, એને જ પોતાના સુખ કરતાં બીજાના દુ:ખની ચિંતા વધારે હોય.

જે પોતાનો લાભ, બીજાના શુભ માટે વાપરે છે, એની lifeમાં બધે શુભ અને લાભ હોય છે.

संकल्प

હું મારા માટે જે લઈશ, તે અન્ય જરૂરિયાતમંદ માટે પણ લઈશ.

અન્યને સુખ આપવાથી, સુખ તો મળે છે પણ તમારા કર્મના ઉદયે આવેલા દુ:ખને સહન કરવાનું બળ પણ મળે છે.

કારણ કે,જ્યારે તમે અન્યનું દુ:ખ જુઓ છો, ત્યારે તમને તમારું દુ:ખ અડધું લાગે છે.

બે હાથ જોડાય છે તે સાર્થક ત્યારે જ થાય છે, જ્યારે એ બન્ને હાથ આપતાં શીખી જાય છે.

એક વ્યક્તિ જ્યારે સંવિભાગનું કર્તવ્ય નિભાવવાની શરૂઆત કરે છે ત્યારે એનું એ કર્તવ્ય જ એની કિર્તી બની જાય છે. એનું કર્તવ્ય જ એનું કલ્યાણ બની જાય છે, એનું કર્તવ્ય જ અન્યના ચહેરા પર સહજતાથી મુસ્કાન લઈ આવે છે. એનું કર્તવ્ય જ અન્યના દુ:ખને સુખમાં પરિવર્તિત કરવાનું પરમ નિમિત્ત બની જાય છે.

નિહાળીએ, સહનશીલતાની મૂર્તિ એવા પા ર્શ્વ પ્રભુના 10 ભવોની અદ્ભૂત નાટિકા !

નાટિકાને માણવા Scan QR Code

હે પ્રભુ ! તું છે તો મારા ચહેરા પર મુસ્કાન છે, પ્રભુ ! મારે તો બીજાના ચહેરા પર મુસ્કાન લાવે, એવા mirror બનવાના ભાવ છે.

કેટલાંક પોતાના દુ:ખથી રડતાં હોય, તો કેટલાંક બીજાના દુ:ખ દૂર કરીને હસતાં હોય.

આપણે અન્યને આપેલું સુખ, આપણી આફતોને ટાળી દેતું હોય છે.

હંમેશા આપતા જેને આવડે તે આગળ વધી જાય, માત્ર પોતાના માટે ભોગવતા આવડે તે પાછળ રહી જતાં હોય છે.

ક્ષમા એ દાન છે અને વાત્સલ્ય એ સંવિભાગ છે.

ધર્મના ક્ષેત્રમાં એક લાઇન ન બોલવી, 'મારાથી આ નહીં થાય !' સંસાર ક્ષેત્રમાં એક લાઇન જરૂર બોલવી, 'મારાથી આ કેવી રીતે થાય ?'

જે અહીંયા બધા સાથે સંવિભાગ કરી શકે, એના સાથે પ્રભુ સ્વયં સંવિભાગ કરે છે !

સામાન્ય જ ભગવાન બની શકે, ભગવાન ક્યારેય સામાન્ય ન હોય.

ક્યારેક મશ્કરી સામેવાળાની મુસ્કાનની killer બની શકે છે.

तू है तो

भगवंतता का अहोभाव हैं

- પરમ ગુરુદેવ

જે પ્રભુનો જન્મોત્સવ ઉત્કૃષ્ટ અહોભાવથી ઉજવે, તે સ્વયંના અજન્મા બનવાના સ્વપ્નને પૂર્ણ કરી શકે !

ભગવાન મહાવીર જન્મોત્સવ આવે એટલે સહુના હૃદયમાં એક અનેરો ઉલ્લાસભાવ પ્રગટે. ધર્મ સ્થાનકોમાં પણ પ્રભુ જન્મોત્સવની ભવ્ય તૈયારી થાય, પ્રભુનો જય જયકાર ગુંજે, પ્રભુને જન્મ આપનાર પરમ સૌભાગ્યવાન મહારાણી માતા ત્રિશલાનો જય જયકાર થાય, માતાને આવેલ 14 મહા અને દિવ્ય સ્વપ્નના દર્શનનું ભવ્ય આયોજન થાય.

યાદ રાખવાનું,

પ્રભુનો જન્મોત્સવ ભવ્યતાને જોવા માટે નહીં, પણ પ્રભુના પરિવારમાં જન્મ લેવાની આપણી પરમ ભવિતવ્યતાનું નિર્માણ કરવા માટે હોય છે.

માતા ત્રિશલાએ રાજકુમાર વર્ધમાનને જન્મ આપ્યો, પણ 'ભગવાન' ને જન્મ કોણે આપ્યો ? એ કઈ 'મા' હતી, જેણે 'ભગવાન' ને જન્મ આપ્યો ?

શું ભગવાનને જન્મ આપનાર માતા ત્રિશલા હતાં ? ના ! તો ભગવાનને જન્મ આપનાર કોણ ?

વર્ધમાન રૂપ દેહને જન્મ આપનાર મહારાણી માતા ત્રિશલા હતાં, તો પછી ભગવાન રૂપ 'ભગવંતતા' ને જન્મ આપનાર 'માતા' કોણ હતી ?

એ 'માતા' તમને પણ ભગવાન રૂપ જન્મ આપવા તૈયાર છે, પણ શું તમે એના સંતાન બનવા તૈયાર છો ?

એવી કઈ 'માતા' હતી, જેના કારણે રાજકુમાર વર્ધમાન વર્ધમાનમાંથી ભગવાન મહાવીર બની ગયાં ?

યોગીમાંથી અયોગી બની ગયાં ?

વર્ધમાનને 'ભગવાન' બનાવનાર કોણ હતાં ?

જે ભગવાનને આપણે જાણીએ છીએ, માનીએ છીએ, એમના અંશ અને વંશ કહેવડાવીએ છીએ, એમનો જન્મોત્સવ ઉજવીએ છીએ, એ ભગવાનના દેહને જન્મ આપનાર માતા ત્રિશલાને પણ જાણીએ છીએ પણ ભગવાનને જન્મ આપનાર, ભગવાનની ભગવંતતાનું પ્રાગટ્ય કરાવનારને આપણે ભૂલી જ ગયાં છીએ. જેટલો માતા ત્રિશલાનો જય જયકાર કરીએ છીએ, એટલો એમનો નથી કરતાં.

આજે તમને એક નવી દૃષ્ટિ આપવાનો છું.

રાજકુમાર વર્ધમાને દીક્ષા અંગિકાર કરી અને દેવો દ્વારા આપવામાં આવેલ એમની વીરતાના ઉપનામ 'મહાવીર' નામ તરીકે ખ્યાતિ પ્રાપ્ત કરી, વ્યક્તિરૂપે એ મુનિ મહાવીર વન-ઉપવન અને એકાંત જંગલોમાં વિચરણ કરે છે, ત્યારે શાસ્ત્રોમાં આવે છે કે, અજ્ઞાનના કારણે અનાર્ય દેશના લોકો એમને પત્થર મારે છે, એમની પાછળ dogsને દોડાવે છે, એમને ભગાડે છે.

વિચાર કરો,

જે મહાવીરને લોકો ભગાડતાં હતાં, એ જ મહાવીરને લોકો ભગવાન માનીને પૂજવા લાગે છે, કેમ ? એવું તે શું થઈ ગયું ? એવું કેવું પરિવર્તન આવ્યું ?

જે મહાવીર રાજમહેલ છોડી, એકલાં વિચરતાં હતાં, ત્યારે ન એમની આસપાસ કોઈ હતું, ન એમને પૂછવાવાળું કોઈ હતું, એ જ મહાવીરની પાસે સમવસરણમાં હજારો-લાખો દેવ-દેવી, મનુષ્યો, તિર્યંચ, રાજા-મહારાજા આવીને એમની ભક્તિ કરે છે, કેમ ?

કેમ કે, હવે મહાવીરને સાડાબાર વર્ષની

ઉત્કૃષ્ટ સાધના અને 4 ઘાતી કર્મોના ક્ષયરૂપ આત્મશુદ્ધિના ફળ સ્વરૂપે 'કેવળજ્ઞાન' પ્રાપ્ત થઈ ગયું હતું.

ભગવાનના દેહને જન્મ માતા ત્રિશલાએ આપ્યો હતો પણ ભગવાનની ભગવંતતાને જન્મ એમનું કેવળજ્ઞાન આપે છે.

જે દિવસે 'કેવળજ્ઞાન' પ્રગટ થાય, તે દિવસે ભગવંતતા પ્રગટ થાય.

જે દિવસે ભગવંતતા પ્રગટ થાય, તે દિવસે મહાવીરના નામની આગળ 'ભગવાન' શબ્દ લાગી જાય. મહાવીર 'ભગવાન મહાવીર' બની જાય. માટે જ, કહેવાય કે ભગવાનની ભગવંતતાને જન્મ આપનાર 'કેવળજ્ઞાન' હોય.

प्रभु तू है तो
तेरा केवलज्ञान है,
गुरु तू है तो
केवलज्ञान की प्रेरणा
और समझ है।

જો ભગવાન મહાવીર પાસે કેવળજ્ઞાન ન હોત તો શું આજે આપણે એમને ભગવાન માનતા હોત ? એમની ભક્તિ કરતાં હોત ? 2650 વર્ષ પછી પણ એમનો જન્મોત્સવ ઉજવતાં હોત ? ના !

દુનિયામાં અબજો લોકો જન્મે છે, ત્યારે મહાવીર જેવા કોઈ ભગવાનરૂપે પૂજાય છે.

આ જગતમાં લોકો બે રીતે પૂજાય છે;

એક જેમની પાસે જગતના દરેક subjectનું logical knowledge હોય અને બીજા, જેમની પાસે magic હોય.

ભગવાન મહાવીર પાસે શું હતું ?

Logic હતું કે magic હતું ? ચમત્કાર હતાં કે નમસ્કાર હતાં ? ભગવાન મહાવીર પાસે દુ:ખને દૂર કરી દે એવું magic હતું કે દુ:ખના કારણને દૂર કરનારા તત્ત્વોનું logic હતું ?

ભગવાન મહાવીરના શરણ અને સાંનિધ્યમાં આવનાર લાખો ભાવિકોને magic મળતું હતું કે lifeના secrets, આત્માની શુદ્ધિ, જીવનના હેતુઓ અને મોક્ષ પ્રાપ્તિનું logic મળતું હતું ?

ભગવાન મહાવીર પાસે સત્ય, તથ્ય અને એનું logic હતું. ભગવાન મહાવીરને ઘણા સમજી શક્તાં તો ઘણા નહોતાં સમજી શક્તાં.

ભગવાન મહાવીરના સમવસરણમાં ઈન્દ્રભૂતિ ગણધર ગૌતમ સ્વામી ભગવાનને સમજીને આવ્યાં હતાં કે ભગવાનને સમજવા આવ્યાં હતાં ? ન સમજીને આવ્યાં હતાં, ન સમજવા આવ્યાં હતાં, એ તો ભગવાન મહાવીરને હરાવવા આવ્યાં હતાં, હરાવવા આવ્યાં હોવા છતાં સ્વયં હારી જાય છે.

જે ભગવાન પાસે હારી જાય છે, તે સ્વયં જીતી જાય છે

જે ભગવાન પાસે જીતવાનો પ્રયત્ન કરે છે, તે સ્વયં હારી જાય છે.

ભગવાનના દેહને જન્મ આપનાર માતા ત્રિશલાનો જય જયકાર કરીએ તો ભગવાનની ભગવંતતાને જન્મ આપનાર એમના 'કેવળજ્ઞાન' નો અહોભાવથી જય જયકાર કરવો જોઈએ ને !

ભગવાનને કેવળજ્ઞાનમાં પ્રગટેલ એ પ્રજ્ઞાનો પ્રકાશ જો આજે આપણી પાસે ન હોત તો ? પ્રભુનું જ્ઞાન, પ્રભુની સમજ ન હોત તો ?

જરાક અંધારું હોય તો પણ જાણતા-અજાણતા હિંસા થઈ શકે છે તો જો અજ્ઞાનરૂપ અંધારું આપણી lifeમાં હોય તો 18 પ્રકારના પાપો થઈ શકે ને !

આપણને અંધારાનો અફસોસ થાય છે પણ અજ્ઞાન અંધારાનો અફસોસ ક્યારેય નથી થતો.

4th આરામાં પ્રત્યક્ષ ભગવાનના દર્શન શક્ય થાય અને 5th આરામાં ભગવાનના જ્ઞાનના દર્શન કરવાના હોય. ભગવાનના જ્ઞાનની પૂજા કરવાની હોય.

આજે ભગવાન પ્રત્યક્ષ દેહે નથી પણ આગમ ગ્રંથોમાં અક્ષર દેહે અવશ્ય બિરાજમાન છે.

આજે ભગવાનના પુદ્‌ગલ દેહના ચરણ સ્પર્શનું સૌભાગ્ય નથી પણ ભગવાનના અક્ષર

સંકલ્પ

આજથી દરરોજ સવારે મારે પ્રભુની 'કેવળજ્ઞાન' રૂપી માતાને 3 વાર વંદન કરી અહોભાવ પ્રગટ કરી મારા દિવસની શરૂઆત કરવી છે.

દેહને મસ્તક પર ધારણ કરવાનું સૌભાગ્ય તો જરૂર છે.

પ્રભુના ચરણના ભક્તથી શ્રેષ્ઠ છે, પ્રભુના ચૈતન્યના ભક્ત બનવું.

પ્રભુની આકૃતિની પૂજાથી શ્રેષ્ઠ છે, પ્રભુના અક્ષરદેહમાં રહેલી જ્ઞાનની પૂજા !

પ્રભુને પ્રગટેલ 'કેવળજ્ઞાન' આપણને પાપથી અટકાવી પુણ્યવાન બનાવનાર છે, આપણા આત્માને સંસાર સાગરથી તારનાર છે, અંત અને અનંતને સુધારનારું છે.

પ્રભુના આ જ્ઞાનને માત્ર ગ્રંથોમાં જ રાખવું જોઈએ કે આત્મસાત્ કરવું જોઈએ ? પ્રેરણારૂપ બનાવવું જોઈએ.

પ્રભુનું જ્ઞાન આપણી belief અને behaviourને change કરી દે છે.

પ્રભુ જેટલું જ જ્ઞાન આપણા સર્વમાં છે, પ્રભુના કેવળજ્ઞાન પ્રત્યે અત્યંત અહોભાવ, શ્રદ્ધા અને ભક્તિ દ્વારા આપણે પણ આપણા 'કેવળજ્ઞાન'ને પ્રગટ કરવાનો પુરુષાર્થ કરીએ.

બસ જરૂર છે આપણે એ 'કેવળજ્ઞાન' રૂપી માતાના સંતાનની પાત્રતાને પ્રગટ કરવા માટે પ્રબળ પુરુષાર્થ કરવાનો છે.

જાણો, જ્યારે પ્રભુ માતાના ગર્ભમાં પધારવાના હતા ત્યારથી માતા ત્રિશલા શું તૈયારી કરી રહ્યા હતા ?

નાટિકાને માણવા Scan QR Code

તીર્થંકરનો જન્મોત્સવ જે ઉલ્લાસભાવે ઉજવે, તે ભવિષ્યમાં તીર્થંકર પ્રભુની આસ-પાસ જન્મે !

એક બાળકને સૌથી વધારે પાઠ, પાઠશાળા નહીં, પણ પરિવાર શીખડાવે.

બાળકને અન્ય કોઈનો ડર કે પ્રભુનો ડર પણ ન આપવો જોઈએ, આપવો હોય તો પાપનો ડર આપવો.

મહાવીર જેવા સંતાનને જન્મ આપવા માટે, માતા ત્રિશલા જેવું માતૃત્વ સર્જવું પડે.

વર્તમાન યુગમાં 'મા' પાસે બાળક માટે સમય નથી, એટલે તે મમતાની બદલે mobile આપે છે.

બાળકમાં 'વધે તો આપવાના' નહીં, 'જમાડીને જમવાના' સંસ્કાર આપવા જોઈએ.

બાળક જે observe કરે, એ જ absorb કરે.

સંતાનને સૂતી વખતે આપેલાં સંસ્કાર, તેને જીવનભર જાગૃત રાખે છે.

'મા'નું યોગદાન, સંતાન માટે વરદાન હોય છે.

तू है तो



दोषों की विशुद्धि हैं

- परम गुरुदेव

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ એટલે સ્વયંની beliefને change કરી, સ્વયંના દોષોને જાણી, એ દોષોથી મુક્ત થવાનો સમ્યક્ અવસર !

જ્યાં સુધી દોષો ઓળખાતાં નથી, ત્યાં સુધી દોષો અળખામણાં લાગતાં નથી અને જ્યાં સુધી દોષો અળખામણાં લાગતાં નથી, ત્યાં સુધી સમ્યક્ ખમતખામણાં થતાં નથી.

દોષો તો અનેક હોય પણ એમાં સ્વયં માટે અને સંબંધોમાં problems create કરે છે, અસંતોષ અને સ્વાર્થ !

વ્યક્તિ સાથે સંબંધ ક્યારે બગડે ?

જ્યારે એ વ્યક્તિ સાથેનો કોઈ સ્વાર્થ disturb થયો હોય ત્યારે ! જ્યારે એના વ્યવહાર પ્રત્યે અસંતોષ હોય ત્યારે !

વ્યક્તિમાં સંતોષ ક્યારે આવે ?

જ્યારે ઘણું બધું હોય ત્યારે કે જેની ઝંખના હોય, એ મળી જાય ત્યારે !

જૈનદર્શનમાં ભગવાને કહ્યું છે દ્રવ્યની પર્યાય હંમેશાં બદલાતી રહે છે.

મનુષ્ય પહેલાં બાળક હોય, પછી યુવાન થાય, પછી વૃદ્ધ થાય પણ જે પર્યાયનો સ્વીકાર ન કરી શકે, તેને હંમેશાં અસંતોષ હોય.

કોઈપણ વસ્તુ નવી હોય ત્યારે તેની પર્યાય અલગ હોય, સમય સાથે એની પર્યાય બદલાતી હોય છે.

આજે નવું shirt લાવ્યા હો, ત્યારે તેનો colour, brightness અલગ હોય, સમય પસાર થતાં તે જૂનું થઈ જાય ત્યારે તેનો colour fade થઈ ગયો હોય, તેની brightness ઓછી થઈ ગઈ હોય. પછી જ્યારે વ્યક્તિ નવા shirtની શોધ કરે અને મનમાં હોય એવું ન મળે ત્યારે અસંતોષ વધવા લાગે. એમાં પણ એવો shirt friend પાસે હોય તો comparision શરૂ થઈ જાય, એની પાસે છે અને મારી પાસે નથી એટલે mind disturb થાય.

આપણી પાસે જે હોય એનો આનંદ અને સંતોષ વધારે હોય કે જે નથી મળતું એનું દુ:ખ અને વેદના વધારે હોય ?

પર્યાય બદલાય છે અને એ બદલાતી પર્યાય તમારી ઝંખનાને વધારે છે, જેમ-જેમ ઝંખના વધે છે, તેમ-તેમ અસંતોષ વધે છે.

અસંતોષ વખતે જો mind disturb હોય તો તે આસપાસવાળાને પણ disturb કરે છે, તે સમયે નજીક આવનારી વ્યક્તિ પર વગર કારણે ગુસ્સો થઈ જાય છે. તમારી સાથે જ્યારે કોઈ વગર કારણે, વગર ગુનાએ misbehave કરે ત્યારે તમારે સામે ગુસ્સો ન કરવો જોઈએ અને disturb પણ ન થવું જોઈએ, પણ તમને ખબર હોવી જોઈએ કે અત્યારે કોઈ અસંતોષના કારણે એનું mind upset છે અને disturbed છે, એટલે મારે અશાંત થવું નથી પણ એનું મન શાંત થાય એવી પ્રાર્થના કરવી છે. આ છે, દોષને વિશુદ્ધ કરવાની process!

જો lifeમાં satisfaction હોય, પર્યાયનો સ્વીકારભાવ હોય, તો satisfactionની દરેક ક્ષણ મોક્ષના સુખનો અનુભવ કરાવનારી બની જાય. જેની lifeમાં satisfaction ન હોય, એની પાસે અઢળક હોવા છતાં પણ દુ:ખી હોય.

Satisfaction આવે કેવી રીતે ?

માનો કે, marketમાં નવો I-phone આવ્યો છે અને તમને એ લેવાનું મન થયું છે, તમે marketમાં એ લેવા ગયાં અને તમને ગમી ગયો તો શું કરવાનું ? તમારે તે દિવસે નહીં લેવાનો પણ **એક week પછી લેવાનો !**

તેનાથી શું થશે ખબર છે ?

પહેલી ક્ષણે જે ઝંખના હોય, જે ગમો હોય, જે લેવાની તીવ્ર ભાવના હોય તે સમય જતાં ધીમે-ધીમે ઓછી થવા લાગશે. ઝંખનાનો power જેમ-જેમ ઘટવા લાગશે, તેમ-તેમ તમારા મનમાં થશે, હવે મળે તો પણ વાંધો નથી અને ન મળે તો પણ વાંધો નથી. જેવા આ ભાવ આવે અને પછી જે મળે તેમાં એક satisfaction હોય, આનાથી તમારી તરત જ લેવાની જીદ-નામનો દોષ દૂર થાય છે અને તમારો nature સંતોષ નામના ગુણથી set થવા લાગે છે.

प्रभु तू है तो
दोषों की समझ हैं,

गुरु तू है तो
दोषों की विशुद्धि का पुरुषार्थ सहज़ है।

પરિવારમાં પણ જ્યારે problems થાય, ત્યારે તરત જ કોઈ નિર્ણય ન લેવો જોઈએ, એક week પછી નિર્ણય લેવાથી, એ સમયનો આક્રોશ અને અશાંતિ ધીમે-ધીમે શાંત થવા લાગશે અને mind set થવા લાગશે, જવા દે ને, એણે ગુસ્સામાં જે કર્યું તે કર્યું, મારે એમાં મારા મનની શાંતિને disturb કરવી નથી. શું થશે ? અશાંત થતો પરિવાર ધીમે-ધીમે શાંત થવા લાગશે.

અસંતોષનું એક કારણ હોય છે, comparision! પછી એ ભાઈ-બહેન વચ્ચે હોય, દેરાણી- જેઠાણી વચ્ચે હોય કે બે ભાઈઓ વચ્ચે હોય !

એણે એને બોલાવ્યા, મને ન બોલાવ્યા, એમને દીદી જ વ્હાલી છે, મારી તો કોઈ value જ નથી, નાના ભાઈને વધારે આપે છે, અમને ઓછું આપે છે, ઘરના બધાંને જેઠાણીની વાત જ સાચી લાગે છે, મારા suggestions તો કોઈને ગમતાં જ નથી. જેવી comparision થાય એટલે mind upset થાય, mind disturb થાય !

આ લાગણીઓનું calculation વ્યક્તિના હૃદયમાં તે ભાઈ, બહેન, દેરાણી કે જેઠાણી માટે એક hard corner બનાવે. પછી માનો કે તે વ્યક્તિ તેના પ્રત્યે ગમે તેટલો પ્રેમ રાખે, તેની ગમે તેટલી care કરે, તેના માટે ગમે તેટલું સારું કરે પણ તેને તો બધું ખરાબ જ લાગે કેમ કે, એના મનમાં તે વ્યક્તિ માટે negativity આવી ગઈ હોય. એ minor negativity ધીમ-ધીમે અણગમો વધારે ! જ્યારે જે વ્યક્તિને બીજા કરતાં વધારે લાગણી મળતી હોય, તે વ્યક્તિમાં micro ego આવી જાય અને લાગણી આપનાર વ્યક્તિ પ્રત્યે soft corner આવી જાય.

પણ યાદ રાખજો, એ soft corner જ જ્યારે egoને satisfy ન કરે, અપેક્ષા પ્રમાણે લાગણી ન મળે, ત્યારે hard corner બની જાય.માટે જ, લાગણી નથી આપવા જેવી કે નથી માંગવા જેવી !!

ભગવાને કહ્યું છે ;

લાગણી આપવી એ અધર્મ નથી પણ લાગણી માંગવી, તે અધર્મ સિવાય કાંઈ નથી !

લાગણી મળે તો પણ no problem, ન મળે તો પણ no problem. જેને જેટલી લાગણી મળે છે, તેના કર્મો પ્રમાણે મળે છે. મારે ક્યાંય લાગણીના begger બનવું નથી !

ભગવાનના સિદ્ધાંતોમાં ક્રોધ, માન, માયા અને લોભને દોષો બતાવ્યાં છે અને ગુરુ જ્યારે પ્રેરણા અને પ્રયોગ દ્વારા એ દોષોની વિશુદ્ધિ કરાવે છે, ત્યારે ક્ષમા, નમ્રતા, સરળતા અને સંતોષ નામના ગુણો સહજતાથી પ્રગટવા લાગે છે.

અસંતોષ દૂર થાય તો સંતોષ આવે. સંતોષ ત્યારે જ આવે, જ્યારે બદલાતી પર્યાયનો સ્વીકાર થાય અને જાગેલી ઝંખનાને સમય આપવામાં આવે !

संकल्प

મને જે મળે છે,
તે મારા પુણ્ય અને
મારા કર્મો પ્રમાણે મળે છે,
માટે જ, મને જે
નથી મળતું એના માટે
negative અફસોસ
કરીશ નહીં

तू है तो

मुश्किले आसान हैं

- પરમ ગુરુદેવ

Unity પરિવારની Immunity હોય.
Immunity જાય તો પરિવારમાં
problems શરૂ થાય !

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ એટલે સમસ્યા સમયે સહુની સાથે રહી, સમજ સાથે સફળતાને પ્રાપ્ત કરવાનો શ્રેષ્ઠ અવસર !

જીવનની આ યાત્રામાં ક્યારેક કોઈનું એક વાક્ય આખી lifeને change કરી દે, ક્યારેક પરિવારને ખુશીઓથી ભરી દે તો ક્યારેક વર્ષોના વર્ષો સુધીનું વેર બાંધી દે !

બે ભાઈઓની વચ્ચે, બે પરિવારોની વચ્ચે, બે સમાજ વચ્ચે, બે પંથો વચ્ચે, બે દેશ વચ્ચે જો એક નાનકડું વાક્ય... 'Yes, as you say,' 'જી ! જેમ આપ કહો,' આવી જાય તો બધી મુશ્કેલીઓ દૂર થઈ જાય.

જ્યાં મગજ ચાલે, ત્યાં મારું અને તારું હોય અને જ્યાં હૃદય ચાલે, ત્યાં આપણું હોય. જ્યાં આપણું હોય, ત્યાં પરમાત્માનો આનંદ હોય.

જ્યાં આમ 'જ' આગ્રહ, અક્કડતાનો 'જ' આવે ત્યાં મુશ્કેલીઓ હોય અને જ્યાં સ્વીકારભાવનો 'જી' આવે ત્યાં દરેક મુશ્કેલીઓ આસાન થઈ જાય.

તમે જેમની સમક્ષ, જેમની વાતમાં 'જી' કરો છો, ત્યારે automatic તે તમારા ગુરુ બની જાય છે અને તમે એમના શિષ્ય બની જાવ છો અને શિષ્યને ક્યારેય કોઈ મુશ્કેલી હોય ?

જેવું તમે કહો કે, I agree... સામેવાળાની angry થવાની ક્ષમતા ઘટી જાય છે.

જે ઘરમાં 'I agree'નું agreement હોય, તે ઘરમાં ક્યારેય સંવત્સરી કે ક્ષમાપનાની જરૂર ન હોય, તે ઘરમાં પ્રત્યેક દિવસ સંવત્સરીનો દિવસ હોય.

મોટાભાગે બે ભાઈઓ વચ્ચે problems ક્યારે થાય ?

જ્યારે મોટો ભાઈ weak હોય અને નાનો ભાઈ strong હોય. એટલે મોટાભાઈનો ego ક્યાંક ને ક્યાંક hurt થાય. Ego જ્યારે hurt થાય ત્યારે વિવેકની આંખ, સમજની આંખ અને વ્યવહારની આંખ બંધ થઈ જાય. જેવી વિવેકની આંખ બંધ થાય એટલે શબ્દોનો પ્રહાર શરૂ થઈ જાય. શરૂઆત હોઠથી થાય, પછી આંખ ઉપર આવે, પછી હાથ ઉપર આવે અને હાથ ઉપરથી ક્યારેક હથિયાર ઉપર આવી જાય.

Ego, angerમાં convert થઈ જાય.

Ego અને anger એક જ coinની બે sides છે.

શબ્દોના પ્રહાર થોડીવારમાં શાંત થઈ જાય પણ મગજની અંદર તો શબ્દોનું યુદ્ધ ચાલતું જ હોય !

જીભથી વધી વધીને 10-15 વાક્યો નીકળે પણ મગજથી તો હજારો નીકળે.

યાદ રાખજો,

જીભથી નીકળેલાં વાક્યો તો સામેવાળી કે આસપાસની વ્યક્તિઓ સાંભળે પણ મગજથી નીકળેલાં વાક્યો તો પરમાત્મા અને કર્મો સાંભળતા હોય. માટે જ, જીભથી બોલાયેલાં શબ્દો કરતાં મગજથી બોલાયેલાં શબ્દોની સજા બહુ મોટી હોય.

જેના હૃદયમાં શ્રદ્ધાપાત્ર ગુરુ હોય, જેની lifeમાં સ્નેહપાત્ર પ્રભુ હોય, તેને ક્રોધ અને આવેશ ભલે આવે પણ એ શ્રદ્ધાપાત્ર હોવાના

કારણે એ easily break મારી શકે, સમભાવ રાખી શકે.

Accident થવો એ કર્મને આધીન હોય પણ helmet પહેરવો એ સમજને આધીન છે, આવેશ આવવો એ કર્મને આધીન છે પણ સમભાવ રાખવો, એ સમજને આધીન છે. સમભાવ ત્યારે જ રાખી શકાય, જ્યારે ગુરુની સમજ હોય.

> **प्रभु तू है तो**
> **मुश्किलें आसान हैं,**
>
> **गुरु तू है तो**
> **समझ का**
> **सुरक्षा कवच हैं!**

Lifeમાં ઘણીવાર સ્નેહભર્યું સંબોધન પણ સમસ્યાનું સમાધાન લાવી શકે છે.

તમે જ્યારે સામેવાળાને મોટા બનાવો છો, ત્યારે તમારી અડધી મુશ્કેલીઓ ત્યાં જ સહજ થઈ જાય છે અને તમે જ્યારે ઝૂકી જાવ છો, ત્યારે તમારી બધી મુશ્કેલીઓ દૂર થઈ જાય છે.

ઝગડો કરનાર સાથે ઝગડો કરતાં તો બધાંને આવડે, પણ ઝગડાના કારણ સાથે ઝગડો કરતાં તો કોઈક સમજદારને જ આવડે, ઝગડાના કારણ સાથે ઝગડો થાય તો સત્ય realise થાય અને ઝગડો શાંત થઈ જાય, સામેવાળા પ્રત્યે પ્રેમ જાગૃત થાય.

માંગીને, લડીને સ્વાર્થ પૂરો કરતાં તો બધાંને આવડે પણ ઝૂકીને, નમીને, let go કરીને પોતાનો સ્વાર્થ છોડી દેવો એ તો પ્રભુના ભક્તને જ આવડે કેમ કે, ભક્ત હંમેશા ભક્તિથી ભિંજાયેલો હોય અને જે ભિંજાયેલો હોય તે જ નમી શકે.

જેને સ્વાર્થ છોડી, સામેવાળાને મનાવતા આવડે છે, આખું જગત તેને માનવા તૈયાર થઈ જાય છે કેમ કે, મનાવવામાં egoને zero કરવો પડે છે.

દરેક મોટાએ યાદ રાખવું કે દરેક નાના કંઈ ખોટા ન હોય એટલે વિવેક રાખી, એમની વાત પણ સાંભળવી જોઈએ, એમની વાતનું માન રાખવું જોઈએ.

જીવનની સમસ્યા સમયે જ્યારે પરિવારનો સાથ હોય તો સફળતા સહજ બની જાય. જે પરિવારમાં એકબીજાનું માન સચવાય, તે પરિવારમાં બધાંના મન એક હોય છે.

જે પરિવારમાં unity હોય, એ પરિવારમાં પ્રસન્નતાની immunity best હોય.

Immunity જાય તો પરિવારમાં problems શરૂ થઈ જાય, immunity ઓછી હોય તો પરિવાર તૂટવા લાગે !

જ્યાં unity હોય ત્યાં એકબીજા પર blame ન હોય પણ પોતાની ઈચ્છાને છોડવાની અને સામેવાળાની ઈચ્છાને સ્વીકારવાની ભાવના હોય.

જે પોતાની ભાવનાઓને, ઈચ્છાઓને છોડી શકે છે, તે સંસારમાં રહીને પણ સંયમી કહેવાય છે.

એક વાક્ય પરિવારને પ્રસન્ન પણ રાખી શકે છે અને પરિવારમાં વેર પણ સર્જી શકે છે કેમ કે, તમારા શબ્દોમાં તમારા સ્વભાવનું પ્રતિબિંબ હોય છે.

કેટલીક વ્યક્તિઓ સંતાનોને સંપત્તિનો વારસો આપીને જાય તો કોઈક વેરનો વારસો આપીને જાય. માટે જ, તમારા problemsમાં ક્યારેય સંતાનોને involve ન કરવા જોઈએ, નહીં તો વેરની પરંપરા ચાલતી જ રહેશે.

જે પરિવારમાં problems solve થતાં રહે, તે પરિવારમાં સમજ ખીલતી રહે અને સુખ, શાંતિ અને સમૃદ્ધિ વધતી રહે.

એક સમજપૂર્વકની line, એક શુભ વિચાર

> **संकल्प**
>
> **મતભેદ મનભેદ સુધી પહોંચે એ પહેલાં જ સમભાવે સમાધાન કરીશ**

સામેવાળાના ભાવોને બદલી શકે છે, એક દૃષ્ટિ કોઈને સત્ય દૃષ્ટિ આપી શકે છે. જેમ-જેમ વ્યક્તિની દૃષ્ટિ, વિચાર અને ભાવ બદલાતાં જાય તેમ-તેમ તેની lifeમાં, પરિવારમાં, સમાજમાં પરિવર્તન આવતું જાય. સમસ્યાઓ દૂર થતી જાય.

જેમ-જેમ respect વધે છે, તેમ-તેમ પાપ reject થતાં જાય છે.

એક વિચાર જ્યારે બદલાય છે, ત્યારે સ્વયંના સુખથી વધારે સર્વના સુખનો વિચાર આવે છે. જ્યાં સર્વના સુખનો વિચાર હોય ત્યાં સમસ્યા ક્યાંથી હોય ?

ભાઈ-ભાઈ વચ્ચે ભય હોવો જોઈએ કે ભાવ હોવા જોઈએ ? Fear હોવો જોઈએ કે feelings હોવી જોઈએ ? Comparision હોવી જોઈએ કે compromise કરતાં આવડવું જોઈએ ?

ઘણીવાર બને એવું કે બે વ્યક્તિ વચ્ચે તો માત્ર 20% જ problems હોય પણ આસપાસવાળા 80% create કરી દે, જેથી તે 100% થઈ જાય. માટે જ, ક્યારેય ત્રીજી વ્યક્તિને પોતાની વાત કહેવી નહીં અને ત્રીજી વ્યક્તિની સલાહ માનવી નહીં.

જે બે વ્યક્તિ એક હોય, તે એકબીજાને સાંભળે ત્યાં સુધી એક રહે અને જેવા ત્રીજાને સાંભળે એટલે એકમાંથી બે થઈ જાય અને મુશ્કેલીઓ આસાન થવાના બદલે વધતી જાય.

મુશ્કેલીઓ આસાન ત્યારે જ થાય જ્યારે વિવેક હોય, let goની ભાવના હોય, સ્વાર્થ છૂટતો હોય, respect વધતો હોય અને ego zero થતો હોય !

હે પ્રભુ ! આપ મારા જીવનમાં છો, તો સમય પર યાદ આવો છો, અયોગ્યથી અટકાવો છો !

નાનાની ક્ષમતાનો અસ્વીકાર, મોટાનો ego hurt કરે છે.

સમય પર જે ઝૂકે, તે જીતે !

મનાવવા માટે જેનો ego મોટો હોય, તે વ્યક્તિ ખોટો હોય.

ઝગડો વ્યક્તિ સાથે નહીં, ઝગડાના કારણ સાથે કરવો અને ઝગડાનું કારણ હોય છે, સ્વાર્થ !

કોઈનું સાથે રહેવું એ life time ન હોય, luck time હોય, Luck હોય, ત્યાં સુધી સાથે હોય.

ભાઈ ભાઈનો ભાર ઉતારે તો ભાવ વધે અને ભાવ વધે તો ધર્મનો પ્રભાવ વધે.

જ્યારે બે સંતાનો વચ્ચે મનભેદ અને અણગમો આવે ત્યારે 'મા'ની આંખમાં વેદનાના આંસુ આવે.

સુખમાં સાથ આપે તે નહીં, સંઘર્ષમાં સાથ આપે તે સ્વજન !

ગુરુના સાંનિધ્યે વગર ગુનાની સજા, સંસારના તમારા બધાં ગુનાની સજાને fail કરવા માટે હોય છે.

ગુરુના દરેક પ્રકોપ, તમારા કોપને દૂર કરવા માટે હોય છે, સૂળીની સજા સોઇથી કાઢવા માટે હોય છે,

દરેક ગુરુનું કર્તવ્ય હોય, સંસારમાં રહેતાં શિષ્યોના કર્મોનો ભાર ઓછો થાય અને તેના દરેક કર્તવ્યમાં ધર્મનો સાથ હોય.

तू है तो क्षमा आसान हैं

- પરમ ગુરુદેવ

સંવત્સરી એટલે જનમ-જનમ પ્રભુના શરણને પામવાની process!

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ એટલે મુખમાંથી પ્રભુનું અમૃતમય સૂત્ર 'ખમાવું છું,' પ્રગટાવીને, કડવાશને ધોઈને હળવાશને અનુભવવાનો ક્ષમામય અવસર !

ક્ષમાપના એ કોઈ ધર્મની વિધિ નથી, એ તો દિલનો ઉત્સવ છે.

જે ઘરમાં ક્ષમાપનાનો ઉત્સવ મનાવાતો હોય, એ ઘરમાં ઉદાસી, નિરાશા કે negativity ન હોય.

ક્ષમાપના એ બે હાથ જોડવાની વિધિ નથી, પણ બધાંની સાથે heart જોડવાનો ઉત્સવ છે. સર્વ પ્રત્યે પ્રેમ, સર્વ પ્રત્યે મૈત્રી અને સર્વ પ્રત્યે જ્યાં ક્ષમાનો સદ્ભાવ હોય ત્યાં પ્રત્યેક દિવસ સંવત્સરી હોય.

ક્ષમા એ જ માંગી શકે, જેનામાં નમ્રતા હોય,

ક્ષમા એ જ આપી શકે, જેનામાં સરળતા હોય.

જ્યારે નમ્રતા અને સરળતાનો સંગમ થાય, ત્યારે સમ્યક્ ક્ષમાપના થાય.

જે ક્ષમાપના માંગે છે, એ ધર્મના આરાધક હોય છે. આરાધકની વ્યાખ્યા છે, જનમ-જનમ પ્રભુના શરણને પ્રાપ્ત કરવાની પાત્રતા !

જે ક્ષમાપના નથી કરતાં, તે ધર્મના વિરાધક હોય છે. વિરાધકની વ્યાખ્યા છે, જનમ-જનમ સુધી પ્રભુથી દૂર થવું !

સંવત્સરી જનમ-જનમ સુધી પ્રભુના શરણને પામવાની process છે.

જ્યારે તમે કોઈને સાચા દિલથી અને આત્મશુદ્ધિના ભાવથી ખમાવો છો, ત્યારે તમને ખબર હોવી જોઈએ. તમે પ્રભુની નજીક જઈ રહ્યાં છો. ક્ષમાપનાનો એક નાનકડો મંત્ર- **तस्स मिच्छामि दुक्कडम्** તમારી અને પ્રભુની વચ્ચે એક bridge બનાવી દે છે, જો ક્ષમાપનાનો ધર્મ ન હોત તો જેમની સાથે problems હોય, એ ક્યારેય solve ન થાય અને ભવોભવ સાથે આવ્યા કરે.

પરમાત્મા પાર્શ્વનાથને કમઠે, શા માટે ઉપસર્ગો આપ્યા ? કેમ કે, એ જનમ-જનમનું વેર હતું.

માટે જ, જે ક્ષમાપના કરે છે, એનો ભવ તો શુદ્ધ થઈ જાય છે પણ એના ભવોભવ વિશુદ્ધ થઈ જાય છે.

તમે જેને શબ્દોના ડંખ માર્યા હોય અને સામેવાળી વ્યક્તિ પણ વિરાધક હોય તો એ ડંખ મનનું ઝેર અને જનમ-જનમનું વેર બની જાય. એ memoriesમાં save થઈ જાય અને ભવોભવ જ્યાં સુધી એની ક્ષમાપના ન થાય, ત્યાં સુધી સાથે આવે. આ એક scientific process છે, જે prove થયેલી છે.

ભૂતાનના રાજાનો દીકરો કોઈ એક ભવમાં નાલંદા universityના આચાર્ય હતાં, એ જ્યારે તે ભવમાં નાલંદા આવ્યા, ત્યારે તેમણે એક-એક place બતાવી અને કહ્યું અહીંયા આમ હતું, અહીંયા આ હતું અને એમણે આખી universityનો map પણ બનાવી દીધો. આને જાતિ સ્મરણ જ્ઞાન પ્રગટ થયું કહેવાય.

શરીર મૃત્યુ પામે છે, સ્મૃતિ ક્યારેય મૃત્ય પામતી નથી.

આજે માનો કે, તમને કોઈ વ્યક્તિ પ્રત્યે અણગમો છે, negative feelings છે, તો એ શું છે ? એ pastની memories છે.

જો એ નાલંદાની memory લઈને બીજા ભવમાં જઈ શકે તો આજે જેની સાથે અણગમો હોય, એ memory પણ આવતા ભવમાં આવે ને !

યાદ રાખજો, જેમની સાથે problems હોય, એની સાથે કર્મોનું bonding થઈ જાય અને જનમ-જનમ સાથે આવે.

એક હોય anger અને એક હોય અણગમો !

Angerની ક્ષમા માંગી શકાય અને પસ્તાવો પણ કરી શકાય, કેમ કે, એ દેખાય છે, જ્યારે અણગમો દેખાતો નથી એટલે કોઈને અણગમાનો પસ્તાવો થતો નથી.

અણગમો જ્યારે એક limitથી વધે, ત્યારે તે દ્વેષ બની જાય છે અને અંદરમાં multiply થવા લાગે છે.

અણગમાની જે આલોચના કરે છે, તેની સંવત્સરી સાર્થક થઈ જાય છે.

જે એવું માનીને પર્યુષણની આરાધના કરે કે, આ મારી lifeનું last પર્યુષણ હોય તો ! ! એ જ અણગમાને બહાર કાઢવાના પ્રયત્ન કરે, અણગમાની આલોચના, પ્રતિક્રમણ અને ક્ષમાપના કરે. એ જ ગુરુને વિનંતી કરે કે, મને અણગમાથી મુક્ત કરાવો. ગુરુ micro કૃપા દ્વારા એના અંતર આત્મામાં એવા ભાવ પ્રગટાવે કે, અંદરમાં પડેલા અણગમાને દૂર થતાં વાર ન લાગે. અણગમાની એવી ક્ષમાપના કરાવે કે ક્ષમાપના જે દિલનો ઉત્સવ છે, તે મહોત્સવ બની જાય.

प्रभु तू है तो

तो क्षमा आसान हैं।

गुरु तू है तो

क्षमापना दिल का महोत्सव है।

ખમાવવા માટે કદાચ હાથ જોડવાથી ચાલી જાય, પણ અણગમાને કાઢવા માટે તો heart જોડાવું જોઈએ. જ્યાં સુધી heart ન જોડાય, ત્યાં સુધી અણગમાની આલોચના કે અણગમાની ક્ષમાપના ન થાય અને અણગમાની ક્ષમાપના વગર બે હાથ જોડીને થયેલી ક્ષમાપના એ માત્ર formality હોય, એ માત્ર ધર્મનો વ્યવહાર હોય, એમાં આત્માની શુદ્ધિ ન હોય !

આજના યુગમાં મોટાભાગે what's appમાં ક્ષમાપનાના message મોકલાવતા હોય છે, તો ક્ષમાપના digital હોય કે દિલથી હોય ?

પર્યુષણ મહાપર્વ એ તહેવાર છે કે અણગમા ઉપર વાર છે ? અણગમાની ક્ષમાપના એ સંસારને સુખી કરવાની process છે.

સંસાર ભલે અધર્મ હોય પણ સંસારને સુખી તો ધર્મ જ કરી શકે.

Angerથી, અણગમાથી સંસાર દુ:ખી થાય, ક્ષમા અને મૈત્રીથી સંસાર સુખી થાય.

સંવત્સરીના દિવસે જો દિલથી ક્ષમાપના થાય તો સમ્યક્ સંવત્સરી ઉજવાય અને મનમાં અણગમો હોય અને માત્ર બે હાથ જોડાય તો અસમ્યક્ કહેવાય.

દિલમાં જ્યાં સુધી અણગમાની સ્મૃતિઓ પડી હોય, ત્યાં સુધી સમ્યક્ ક્ષમાપના ન થાય.

શરૂઆત ભલે એણે કરી હોય, પણ પૂરું મારે કરવું છે. મારે ક્ષમાપના કરી, આ અણગમાનો અંત કરવો છે, ક્ષમાપના કરવા હિંમત જોઈએ અને હિંમત કરીએ તો જ હળવા થઈએ.

ભગવાને પણ કહ્યું છે, માફી માંગવાવાળો મહાન હોય છે.

જ્યાં સુધી મનમાં અણગમો હોય, ત્યાં સુધી વ્યક્તિના દરેક વ્યવહારમાં

संकल्प

હું જ્યાં જે પદ પર છું, ત્યાં મારી ફરજ ચૂકી ન જાઉં, એ સાવધાની રાખીશ !

misunderstanding હોય.

દૃષ્ટિમાં વેર હોય તો સામેવાળા યોગ્ય હોય તો પણ અયોગ્ય લાગે.

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ દૃષ્ટિને દોષમુક્ત કરવા માટે હોય છે, નયનનું પસ્તાવાથી પ્રક્ષાલન કરવા માટે હોય છે.

અણગમાને બહાર કાઢવા માટેનો એક પ્રયોગ બતાડું છું, આજથી તમારા mobileમાં એક મહિના માટે password set કરો. 'મારે એનો ગુનો માફ કરવો છે.' Next monthનો password હોય. 'મારે એની ભૂલો ભૂલવી છે.'

જેટલીવાર આ password use કરો, એટલીવાર તમારા mind પર એની અસર થાય કે નહીં ? એ તમારી deep memoriesમાં save થાય અને જ્યારે નિમિત્ત આવે, ત્યારે તરત જ યાદ આવી જાય અને સહજતાથી ક્ષમાપના થઈ જાય.

એક નિર્ણય કરો, મારે મારા અણગમાને બીજા દિવસની સવાર સુધી લઈ જવો નથી. મારે sorry વિના રાત્રિની નિદ્રા કરવી નથી. મારે pastની અણગમાની એક પણ સ્મૃતિને carry farward કરવી નથી. ક્ષમાપના સહજ થઈ જશે અને ક્ષમાપના દિલનો ઉત્સવ બની જશે.

હે પ્રભુ ! ક્ષમાપના કરીને, મારી પ્રભુ બનવાની શરૂઆત થઈ છે, પ્રભુ ! હવે તારા સુધી પહોંચવાના માર્ગમાં કોઈ speed breaker ન આવે !

ચૌરેન્દ્રિય જીવોને વધારે વેર ન બંધાય, કેમ કે, કાન ન હોય.

વાત કરવી જ હોય તો પરમાત્મા સાથે વાત કરવી, અથવા પરમાત્મા જેવા બની પરિવાર સાથે વાત કરવી, પરમાત્મા જેવા બનો તો તમારા દરેક શબ્દમાં પ્રેમ અને સમભાવ હોય.

જો પતિ પરિવાર માટે તીર્થંકર અને પત્નિ ગણધર સમ બની જાય તો સંતાનો automatic સમવસરણના ભાવિકો બની જાય.

ભૂલ prove કરવી સારી કે ભૂલ clear કરવી સારી ?

Difference of opinions પરિવારને disturb કરે.

માફ કરવું એ weakness નથી પણ સૌથી મોટી strength છે.

બની ગયેલી ઘટનાને સ્મૃતિની કબરમાં ન રાખતાં, સમજની સ્મશાનમાં બાળી નાંખવી જોઈએ.

પર્યુષણ આપણને ગરજતાં નહી, વરસતા શીખડાવે છે. ગરજતાં વાદળ કાળા ડિબાંગ હોય અને વરસી ગયેલાં વાદળ શ્વેત હોય.

પ્રત્યેક દિવસ સંવત્સરી જેવી હળવાશ અનુભવાય તો સમજવું કે પ્રભુ સાથે છે.

આત્મ ઉપેક્ષાની પણ ક્ષમાપના કરવી જોઇએ.

સંવત્સરી પહેલાં એકવાર ક્ષમાપના અને સંવત્સરી પછી એકવાર ક્ષમાપના !

ખમાવવું એને પડે, જેની અંદરમાં 'I am right'નો આગ્રહ હોય.

રાગ-દ્વેષનું કારણ છે, Responsibilitiesને ભૂલવી !

પ્રભુ !
મને એક વરદાન આપી દે !

હે પ્રભુ !

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ દર વર્ષે આવે છે અને
દર વર્ષે હું તારા પ્રેમમાં, તારી ભક્તિમાં ખૂબ ખૂબ ભિંજાઉ છું
પણ જેમ–જેમ દિવસ પસાર થાય છે, સંસારના તાપમાં
તારા પ્રેમના જળબિંદુઓ સૂકાઈ જાય છે.

હે પ્રભુ !

આ પર્યુષણ મહાપર્વમાં મને એક વરદાન આપી દે !
આ પર્યુષણમાં પ્રભુ, તારા પ્રેમમાં એવો ભિંજાઉં કે
હું તને ક્યારેય ભૂલું નહીં...
તારી વાતોને ક્યારેય ભૂલું નહીં !
તારા પ્રેમના જળબિંદુને સમજના અમૃતબિંદુ બનાવી તૃપ્ત
થઇ જાવ.

પ્રભુ ! તને ભૂલી જઈશ તો સંસાર પરિભ્રમણથી મુક્ત કેવી
રીતે થઈશ ?

માટે જ, પ્રભુ !
મને એક વરદાન આપી દે,
હું ક્યારેય તને ભૂલું નહીં !

Registered with Registrar of Newspapers under RNI NO. MAHGUJ/2008/37878
Postal Registration No. MCN/94/2023-2025 Published on 5th of every month
Licensed to post without prepayment, WPP license No. MR/Tech/WPP-157/North/2023-2025
JAIN KRANTI - Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-1. Posting date 5/6-8-2025

પારસધામ ગિરનારના આંગણે
તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ શ્રી રતિલાલજી મહારાજ સાહેબના કૃપાપાત્ર સુશિષ્ય
રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના સાંનિધ્યે

20th to 27th AUGUST, 2025

પર્વાધિરાજ પર્યુષણ મહા પર્વ - ક્ષમાપના ઉત્સવ

પરમ કલ્યાણકારી નિત્ય આરાધનાઓ

સવારે 06:15 થી 07:15 કલાકે
બ્રહ્મ મુહૂર્તે ધ્યાન સાધના

સવારે 08:00 થી 08:30 કલાકે
પૂજ્ય શ્રી મહારાજ સાહેબના પ્રવચન
English, German, French ભાષામાં

સવારે 08:40 થી 09:00 કલાકે
તીર્થંકર પરમાત્માની ભક્તિ ધૂન
શ્રી હાર્દિકભાઈ શાહ

સવારે 09:00 થી 10:00 કલાકે
પરમ ગુરુદેવની પ્રેરક પ્રવચનધારા

સવારે 10:00 થી 11:30 કલાકે
વિવિધ પ્રયોગો એવમ્ પ્રસ્તુતિ

સાંજે 07:00 થી 07:50 કલાકે
પ્રતિક્રમણની આરાધના

રાત્રે 08:00 થી 10:00 કલાકે
પરમ ગુરુદેવ પ્રવચન એવમ્
વિવિધ કલાકારો દ્વારા ભક્તિના ભાવો

Register Now:
https://prsdm.in/paryushan

अब की बार पर्युषण गिरनार

પરમ ગુરુદેવના પ્રત્યક્ષ સાંનિધ્યમાં, આરાધના અને અનુભૂતિ દ્વારા આત્માની શુદ્ધિ કરીએ !
સ્થળ : પારસધામ-ગિરનાર, રૂપાયતન રોડ, ગિર ફાર્મ, જુનાગઢ. સંપર્ક : +917303000666

Printed & Published by : Deepak K. Bhayani on behalf of Jain Kranti, Chandresh Bhavan, Rambaug, Nr. Hotel Highway Residence, Chakala Marg, Andheri (E), Mumbai - 400 069.
Printed at : Arihant Printing Press, B/4, 310, Trikal Bldg., Pant Nagar, Ghatkopar (E), Mumbai - 400 075, Maharashtra.
Edited by : Deepak K. Bhayani, Chandresh Bhavan, Rambaug, Nr. Hotel Highway Residence, Chakala Marg, Andheri (E), Mumbai - 400 069.